કોમ્પ્યુટર વિભાગ


# ભાવનગર મહાનગરપાલિકા
## સીટી એન્જીનીયર કચેરી

બીજો માળ, ભાવનગર મહાનગરપાલિકા,

સરમંગળસિંહજી રોડ - કાળાનાળા - ભાવનગર - ૩૬૪૦૦૧

*Phone (0278) 2511605 Email:- city.bmc@gmail.com*


સી.ઇ.ક.જા.ન ૨૭૬ ૦૪/૧૦/૨૦૨૪ તા. ૦૩ / ૧૦/૨૦૨૪

પ્રતિ,
તમામ શાખાધિકારીશ્રી,
મહાનગરપાલિકા,
ભાવનગર

વિષય : અનન્યા એજન્સી સુરતને બ્લેક લીસ્ટ કરવા બાબત.

સંદર્ભ : જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, બોટાદનો પત્ર ક્રમાંક નં. ઇએલસી / લોસા.ચૂં-૨૪/ફાઇલ ન ૧૩૦/૨૦૨૪-૨૫, તા.૨૦/૦૯/૨૪.

ઉપરોક્ત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, માન. જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી બોટાદના સંદર્ભ પત્ર હુકમ મુજબ અનન્યા એજન્સી, સુરતને બ્લેક લીસ્ટ કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઇને આપના વિભાગેથી જરૂરી અમલવારી કરવાનું રાખશો. આ સાથે સંદર્ભ મુજબના પત્રની નકલ સામેલ છે. જે ધ્યાને લેશો.

" માન. કમિશનરશ્રીની આજ્ઞાનુસાર"

E.D.P. -

03-10-24

ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (ટેક.)
મહાનગરપાલિકા
ભાવનગર

કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર 1749
તા. 04/10/2024

4/10

# OFFICE OF THE DISTRICT ELECTION OFFICER
# & COLLECTOR-BOTAD

Jilla SevaSadan, Khas road, Botad-364710

Telephone No. : 02849-271313, 271314 Email : dydeo-collector-botad@gujarat.gov.in d.deobotad@gmail.com

Follow us on : 31_deobotad 31_deobotad 31_deobotad


નં.ઇએલસી/લો.સા.ચૂં-૨૪/ફાઇલ નં.૧૩૦/૨૦૨૪-૨૫ તા.૨૦ /૦૯/૨૦૨૪

વિષય :- <u>અનન્યા એજન્સી સુરતને બ્લેકલીસ્ટ કરવા બાબત</u>

.................................................................................................................................

સંદર્ભ: (૦૧) અત્રેની સમાનાંકી કારણદર્શક નોટીસ તા:૨૨/૦૮/૨૦૨૪, તા:૦૩/૦૯/૨૦૨૪ તથા તા:૧૦/૦૯/૨૦૨૪

(૦૨) ચૂંટણી અધિકારી, ૧૭૫-નવસારી વિ.સ.મ.વિ અને પ્રાંત અધિકારી, નવસારીના પત્ર નં.ઇએલસી/વિ.સા.ચૂં/ટેન્ડર ડોક્યુમેન્ટ ખરાઇ/વશી/૯૧૫/૨૦૨૨ તા:૧૨/૧૦/૨૦૨૨

(૦૩) નિઝામુદીન હિસામુદીન શૈખ @ લાલભાઇ શ્યામવાલા,વડોદરા તથા અશ્વિનભાઇ દેવરાજભાઇ અકબરી,સુરત દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરાયેલ SCA Registration Number :11305/2024 Filing Date:19/07/2024

(૦૪) સુ.શ્રી કિંજલ રાકેશકુમાર ખેની, માલિક અનન્યા એજન્સી,સુરતના પત્ર તા:૦૪/૦૯/૨૦૨૪

(૦૫) અત્રેની કચેરીના સમાનાંકી પત્ર તા:૦૬/૦૯/૨૦૨૪

.................................................................................................................................

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના કામે મંડપ તથા ઇલેક્ટ્રીક સાધનો ભાડેથી મેળવવાના માટે Gem પોર્ટલ અંતર્ગત ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતું. સદર ફાઇલના નોટીંગ પેરા-(33)ની વિગતે સદર ટેન્ડર પ્રક્રિયામાં કુલ:- 3 (ત્રણ) એજન્સીના બિડ ટેકનીકલી ક્વોલીફાઇડ કરવામાં આવેલ હતા. સદર એજન્સીઓ (૦૧) અનન્યા એજન્સી (૦૨) માદલીયા મંડપ સર્વિસ અને (૦૩) સ્માઇલ પ્લીઝ ડીઝીટલ લેબ.પ્રા.લી હતી.

શ્રી મહેશ એમ પટેલ, ડાયરેક્ટરશ્રી, સ્માઇલ પ્લીઝ ડીઝીટલ લેબ.પ્રા.લી,ભાવનગર દ્વારા તેઓશ્રીના તા:03/૧૦/૨૦૨૨ ના પત્રથી અમુક એજન્સીઓના ડોક્યુમેન્ટસ પુરતા ન હોવા છતા તેઓ દ્વારા ખોટો/મોડીફાઇડ કરેલા ડોક્યુમેન્ટસ રજુ કરી કચેરીને ગેરમાર્ગે દોરેલ છે તેવું કારણ દર્શાવી અન્ય એજન્સી દ્વારા રજુ કરેલ તમામ ડોક્યુમેન્ટસ ચકાસણીના હેતુસર નિદર્શન માટે આપવા રજુઆત કરવામાં આવેલ હતી. સબબ તા:૦૬/૧૦/૨૦૨૨ ના રોજ ૧૧-૦૦ કલાકે ચકાસણી કરવાનો સમય આપવામાં આવેલ હતો. જેના અનુસંધાને શ્રી મહેશ એમ પટેલ, ડાયરેક્ટરશ્રી, સ્માઇલ પ્લીઝ ડીઝીટલ લેબ.પ્રા.લી,ભાવનગર દ્વારા તેઓશ્રીના તા:૦૬/૧૦/૨૦૨૨ ના પત્રથી અનન્યા એજન્સી વિરૂધ્ધ નીચેના કુલ:- ૪ (ચાર) મુદ્દે વાંધો રજુ કરવામાં આવેલ હતો.

(૦૧) ટેન્ડરની શરત નં.૮ મુજબ ત્રણ વર્ષનાં મંડપ સેવા અંગેનાં અનુભવનાં આધારો રજુ થયેલ નથી.

(૦૨) એજન્સી દ્વારા રજુ કરેલ પ્રાંત અધિકારી-નવસારીનો હુકમ નં.ચૂંટણી/લોકસભા/ખર્ચ/બિલ/વશી-૧૯, તા.૨૮/૦૯/૨૦૧૯ ખોટો અને એડીટ/મોડીફાઇ કરેલો છે. જેથી આ હુકમ સબંધિત કચેરી પાસે વેરીફાઇ કરવો જરૂરી છે.

(૦૩) એજન્સી દ્વારા રજુ કરેલ રમતગમત અધિકારી-દમણનાં હુકમ .DMN/SPORTS/ORDER/2019-

20/214, તા:૨૩/૧૨/૨૦૧૯ ખોટો અને એડીટ/મોડીફાઈ કરેલો છે. જેથી આ હુકમ સબંધિત કચેરી પાસે વેરીફાઇ કરવો જરૂરી છે.

(૦૪) એજન્સી દ્વારા રજુ થયેલ પ્રોપરાઇટરશ્રીનાં પાનકાર્ડમાં જે સહી કરવામાં આવેલ છે તે ટેન્ડર દસ્તાવેજોમાં થયેલ પ્રોપરાઇટરશ્રીની સહી સાથે મેચ થતી નથી. જેથી ટેન્ડર રજુ કરનાર વ્યકિત ખોટી અને બનાવટી છે. તો શરતનો ભંગ થતો હોય આ મુદ્દે એજન્સી પાસે ખુલાસો માંગવો જરૂરી છે.

સદર ટેન્ડર પ્રકિયા અંગેની ફાઇલના નોટીંગ પેરા-(૪૧) ની વિગતે તત્કાલિન જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,બોટાદ દ્વારા ઉક્ત વાંધા નં.(૦૨) તથા (૦૩) ની વિગતે સંબધિત કચેરી/અધિકારીશ્રીને તાત્કાલિક પૃછા કરવાનું જણાવતા ઉક્ત વાંધા નં.(૦૨) ની વિગતે ચકાસણી કરવા અત્રેની કચેરીના પત્ર નં.ઇએલસી/વિ.સા.ચૂં/ટેન્ડર ડોક્યુમેન્ટ ખરાઇ/વશી/૬૫૦/૨૦૨૨ તા:૧૧/૧૦/૨૦૨૨ થી ચૂંટણી અધિકારી, ૧૭૫-નવસારી વિ.સ.મ.વિ અને પ્રાંત અધિકારી, નવસારીને ઇ મેઇલ મોકલતા સંદર્ભ:- (૦૨) થી ખરાઇ કરી ખરેખર ચુકવણું કરાયેલ હુકમની નકલ સામેલ રાખી રજુ કરવામાં આવેલ છે. ઉક્ત વાંધા નં.(૦૩) ની વિગતે અત્રેની કચેરીના પત્ર No.ELC/LAE/Tender Document Verification/649/2022 Date:11/10/2022 થી Sport Officer, Office of the Head of Sport Section, Sport Department Daman, Near Football Ground, Moti Daman-396220 ને ઇ-મેઇલથી ચકાસણી અર્થે મોકલતા, સદર ફાઇલના નોટીંગ પેરા-(૪૬) ની વિગતે સ્પોર્ટ્સ અધિકારીશ્રી દમણ તરફથી કોઇ પ્રત્યુત્તર મળેલ નથી.

સદર ટેન્ડર પ્રકિયામાં પ્રોપરાઇટરશ્રી, અનન્યા એજન્સી સુરત દ્વારા GEM પોર્ટલ પર ટેન્ડર પ્રક્રિયામાં અનુભવના આધાર તરીકે પ્રાંત અધિકારીશ્રી, નવસારીના હુકમ નં.ચૂંટણી/લોકસભા ખર્ચ/બીલ/વશી-/૧૯ તા:૨૭/૦૮/૨૦૧૯ રજુ કરવામાં આવેલ હતો. સદર હુકમમાં અનન્યા એજન્સીને ચુકવણું કરવામાં આવેલ હોવા અંગેનો આધાર રજુ કરવામાં આવેલ છે.

સદર ટેન્ડર પ્રકિયા અંગેની ફાઇલના નોટીંગ પેરા-(૪૫) તેમજ સંદર્ભ-(૦૨) ના પત્રની વિગતે ચકાસણી થઇ આવેલ હુકમની વિગતે પ્રાંત અધિકારીશ્રી, નવસારીના હુકમ નં.ચૂંટણી/લોકસભા ખર્ચ/બીલ/વશી-/૧૯ તા:૨૭/૦૮/૨૦૧૯ ની ચકાસણી કરતા "પી.એન.વાઘેલા" એજન્સીને ચુકવણુ માટે હુકમ કરવામાં આવેલ છે.જેથી અનન્યા એજન્સી દ્વારા રજુ કરેલ હુકમ ખોટો અને મોડીફાઇલ કરેલ હોવાનું જણાયેલ હતો.

સદર ટેન્ડર પ્રકિયા અંગેની ફાઇલના નોટીંગ પેરા-(૪૮) ની વિગતે તત્કાલિન નિવાસી અધિક કલેક્ટરશ્રી,બોટાદ દ્વારા અનન્યા એજન્સીને ડીસક્વોલીફાઇ કરવા તથા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સદર એજન્સીને બ્લેકલીસ્ટ કરવા જરૂરી કાર્યવાહી કરવા ચૂંટણી શાખાને જણાવવા નોંધ રજુ કરવામાં આવેલ હતી. સદર ટેન્ડર પ્રકિયા અંગેની ફાઇલના નોટીંગ પેરા-(૪૯) થી નોટીંગ પેરા-(૪૫) ની વીગતે, નોટીંગ પેરા-(૪૮) મુજબ કાર્યવાહી કરવા તત્કાલિક જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,બોટાદ દ્વારા અનુમોદન આપવામાં આવેલ છે.

નિઝામુદીન હિસામુદીન શૈખ @ લાલાભાઇ શ્યામવાલા,વડોદરા તથા અશ્વિનભાઇ દેવરાજભાઇ અકબરી,સુરત દ્વારા સંદર્ભ (૦૩) થી અનન્યા એજન્સી સુરત સામે કાર્યવાહી કરવા ગુજરાત હાઇકોર્ટ ખાતે

OFFICE OF THE DISTRICT ELECTION OFFICER
& COLLECTOR-BOTAD
Jilla SevaSadan, Khas road, Botad-364710
Telephone No. : 02849-271313, 271314 Email : dydeo-collector-botad@gujarat.gov.in d.deobotad@gmail.com
Follow us on : 31_deobotad 31_deobotad 31_deobotad

Special Civil Application Number 11305/2024 Filing Date:19/07/2024 દાખલ કરવામાં આવેલ છે.

નિઝામુદીન એચ.શેખ, ૧૦૧-મન્નત હાઇટ્સ, SBI બેન્કની ઉપર, જે.પી.પોલીસ સ્ટેશનની પાસે, તાંદલજા,વડોદરા દ્વારા તા:૦૯/૦૯/૨૦૨૪ ના પત્રથી અનન્યા એજન્સી,સુરતના માલિકો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવા અત્રેની કચેરી સમક્ષ લેખીત રજુઆત કરવામાં આવેલ છે તથા અકબરી અશ્વિનભાઇ દેવરાજભાઇ, E-603, શાલીગ્રામ સ્ટેટસ, આનંદ પેટ્રોલપંપની પાછળ, ઉતરાણ, ચોર્યાસી, સુરત દ્વારા તેઓશ્રીના તા:૧૧/૦૯/૨૦૨૪ ના પત્રથી અનન્યા એજન્સી,સુરતના માલિકો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવા અત્રેની કચેરી સમક્ષ લેખીત રજુઆત કરવામાં આવેલ છે.

અત્રેની તા:૨૨/૦૮/૨૦૨૪ની કારણદર્શક નોટીસથી અનન્યા એજન્સી, સુરતને બ્લેકલીસ્ટ કેમ ન કરવી તે અંગેનો ખુલાસો દિન-(૦૫)માં અત્રેની સમક્ષ લેખીતમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે સુ.શ્રી કિંજલ રાકેશકુમાર ખેની, માલિક અનન્યા એજન્સી,સુરત દ્વારા તેઓશ્રીના સંદર્ભ-(૦૪) ના પત્રથી કારણદર્શક નોટીસ નં.ઇએલસી/વશી/ફાઇલ નં.૧૩૦/૨૦૨૪ તા:૨૨/૦૮/૨૦૨૪ અન્વયે વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંગે Gem Portal પર ટેન્ડર પ્રકિયામાં રજુ કરવામાં આવેલ પ્રાંત અધિકારીશ્રી નવસારીના હુકમ નં.ચૂંટણી/લોકસભા ખર્ચ/બીલ/વશી-/૧૯ તા:૨૭/૦૮/૨૦૧૯ ની નકલ મળવા રજુઆત કરવામાં આવેલ હતી.

જે અંગે વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે પ્રોપરાઇટરશ્રી, અનન્યા એજન્સી,સુરત દ્વારા Gem Portal પર ટેન્ડર પ્રકિયામાં રજુ કરવામાં આવેલ પ્રાંત અધિકારીશ્રી નવસારીના હુકમની નકલ તથા પ્રાંત અધિકારીશ્રી નવસારીની કચેરી તરફથી વેરીફાઇ થઇ આવેલ હુકમની નકલ અત્રેની કચેરીના સંદર્ભ-(૦૫) ના પત્રથી મોકલી આપવામાં આવેલ છે.

અનન્યા એજન્સી, સુરતને બ્લેકલીસ્ટ કેમ ન કરવી તે અંગેનો ખુલાસો દિન-(૦૩)માં અત્રેની સમક્ષ લેખીતમાં રજુ કરવા સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરતને સંદર્ભ-(૦૧) થી તા:૦૩/૦૯/૨૦૨૪ થી કારણદર્શક નોટીસ નં.(૦૨) ઇસ્યુ કરવામાં આવેલ હતી.

અનન્યા એજન્સી, સુરતને બ્લેકલીસ્ટ કેમ ન કરવી તે અંગેનો ખુલાસો દિન-(૦૨)માં અત્રેની કચેરી સમક્ષ લેખીતમાં રજુ કરવા સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરતને સંદર્ભ-(૦૧) થી તા:૧૦/૦૯/૨૦૨૪ થી કારણદર્શક નોટીસ નં.(૦૩) ઇસ્યુ કરવામાં આવેલ હતી. સદર નોટીસમાં "High Court Matter ઉપસ્થિત થયેલ હોય સદરહુ બાબતનો સમયમર્યાદામાં નિકાલ કરવો જરૂરી છે. આપશ્રી તરફથી સમયમર્યાદામાં ખુલાસો રજુ કરવામાં ન આવ્યેથી એકતરફી નિર્ણય કરવાની ફરજ પડશે" તે અંગેની નોંધ પણ કરવામાં આવેલ હતી.

ઉક્ત કુલ:- ૩ (ત્રણ) કારણદર્શક નોટીસ તથા સંદર્ભ-(૦૪) થી સુ.શ્રી કિંજલ રાકેશકુમાર ખેની, માલિક અનન્યા એજન્સી,સુરત દ્વારા માંગવામાં આવેલ માહિતી તેઓશ્રીને સ્પીડપોસ્ટ, ઇ-મેઇલ તથા વ્હોટ્સએપ મારફત મોકલવામાં આવેલ છે. તેમ છતા તેઓશ્રી દ્વારા કારણદર્શક નોટીસ અંગે કશો ખુલાસો કરવામાં આવેલ નથી. આમ

COLLECTOR-BOTAD
Jilla SevaSadan, Khas road, Botad-364710
Telephone No. : 02849-271313, 271314 Email : dydeb-collector-botad@gujarat.gov.in d.deobotad@gmail.com
Follow us on : 31_deobotad 31_deobotad 31_deobotad

પ્રોપરાઇટરશ્રી અનન્યા એજન્સી સુરતને બચાવ પક્ષ રજુ કરવા માટે પુરતા પ્રમાણમાં તક તથા સમય આપવામાં આવેલ છે. તેમ છતા પ્રોપરાઇટરશ્રી દ્વારા અત્રેની નોટીસનો પ્રત્યુત્તર આપવાની કાળજી દાખવેલ નથી.

સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરત દ્વારા અત્રે ની નોટિસ ગંભીરતાપૂર્વક લીધેલ ન હોવાનું જણાય છે તેમજ નોટિસ માં જણાવેલ આરોપ નું કોઈ પણ પ્રકાર ના પ્રત્યુતર આપવાની દરકાર પણ દાખવેલ નથી.સદર બાબત, તેઓશ્રી દ્વારા અત્રે ના આરોપનો સંમતિ પૂર્વક પ્રાથમિક દ્રષ્ટિ એ સ્વીકાર કરેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરત દ્વારા સરકારી ટેન્ડરનું કામ મેળવવા બનાવટી આધારો રજુ કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. GEM પોર્ટલ પર બનાવટી આધારો રજુ કરી, અત્રેના વહીવટ તંત્રને તથા સરકારશ્રીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે.

સંદર્ભ-(૦૩) ની વિગતે ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરાયેલ SCA ને ધ્યાને લેતા સદર બાબતનો સમયમર્યાદામાં નિકાલ કરવો જરૂરી છે.

**-: હુકમ :-**

ઉક્ત વિગતે સમગ્ર કેસની કાળજીપુર્વકની તપાસ અને વિચારણા કર્યા પછી સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરત (GST Registration NO: 24DWBPK1969N1Z3) ને આ હુકમ તારીખથી ૫ (પાંચ) વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવામાં આવે છે. સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,સુરત બ્લેકલીસ્ટ કરાયેલ સમયગાળામાં કોઈ પણ સરકારી કચેરી, સરકારી બોર્ડ, નિગમ, કોર્પોરેશન, નગરપાલિકા, મહાનગરપાલિકા કે સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થા માં કોઈ પણ પ્રકાર ની વસ્તુ કે સેવા પૂરી પાડવા માટે ટેન્ડર ભરી શકસે નહિ અને આ નોંધણીનો ઉપયોગ કરી શકશે નહિ.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર
સત્યમેવ જયતે
બોટાદ

(ડૉ.જિન્સી રોય)
જિલ્લા ચૂંટણી અધિકારી
અને કલેક્ટર બોટાદ

Speed Post

પ્રતિ,

(૦૧) સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી, ૫૩, નટવર નગર સોસાયટી, નાના વરાછા, સુરત-૩૯૫૦૦૬

**OFFICE OF THE DISTRICT ELECTION OFFICER**
**& COLLECTOR-BOTAD**
Jilla SevaSadan, Khas road, Botad-364710
Telephone No. : 02849-271313, 271314 Email : dydeo-collector-botad@gujarat.gov.in d.deobotad@gmail.com
Follow us on : 31_deobotad 31_deobotad 31_deobotad

(GST રીજીસ્ટ્રેશન નંબર મુજબ , Income Tax Return File મુજબ તથા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ના કામે એજન્સી દ્વારા મંડપ તથા ઇલેક્ટ્રીફીકેશના ટેન્ડરમાં રજુ કરવાની માહિતીમાં " ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થા/ પેઢી/કંપનીનું પુરેપુરૂ સરનામું" કોલમમાં દર્શાવેલ સરનામું)

(૦૨) સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી, F-303, શાંતિ નિકેતન ફ્લોરા, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત સીટી, સુરત
(લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ના કામે એજન્સી દ્વારા મંડપ તથા ઇલેક્ટ્રીફીકેશના ટેન્ડરમાં રજુ કરવાની માહિતીમાં " જવાબદાર વ્યક્તિનું પુરેપૂરૂ સરનામું" કોલમમાં દર્શાવેલ સરનામું)

(૦૩) સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી, B-76, નટવર નગર સોસાયટી, સિમાડા નાકા, વરાછા સુરત સીટી, સુરત-૩૯૫૦૦૬
(પ્રાપરાઇટરશ્રીના આધાર કાર્ડ મુજબ સરનામું)

(૦૪) સુ.શ્રી કિંજલબેન રાકેશકુમાર ખેની,પ્રોપરાઇટરશ્રી,અનન્યા એજન્સી,૨૦/એ, પ્લોટ નં.૫૩ નટવરનગર-૨, મણીનગર સોસાયટી સામે, નાના વરાછા સુરત
(સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનના "Gujarat Shops and Establishment Act-2019" ના Form-E મુજબનું સરનામું)

**Email**

**(૦૧) kinjalkheni0011@gmail.com**
**(લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ના કામે એજન્સી દ્વારા મંડપ તથા ઇલેક્ટ્રીફીકેશના ટેન્ડરમાં રજુ કરવાની માહિતીમાં " ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થા/પેઢી/કંપનીનું Email Address" કોલમમાં દર્શાવેલ E-mail)**

(૦૨) rakeshkheni011@gmail.com
(અનન્યા એજન્સી સુરતના Udyam Registration Certificate માં દર્શાવેલ E-mail)

**નકલ સવિનય રવાના:**

(૦૧) માન.મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ચૂંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ,સરદાર ભવન, બ્લોક નં-૭, બીજો માળ,સચિવાલય,ગાંધીનગર ... સવિનય જાણ સારુ

(૦૨) માન.કમિશ્નરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર ... સવિનય જાણ સારું

(૦૩) માન.મુખ્ય સચિવશ્રી,શ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.(૦૫), ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ... સવિનય જાણ સારું

(૦૪) માન.કમીશ્નરશ્રી, રાજ્ય કર ભવન,C-5 આશ્રમ રોડ, અમદાવાદ ... સવિનય જાણ સારું

(૦૫) માન.જોઇન્ટ કમીશ્નરશ્રી,જી.એસ.ટી ભવન,ચોથો માળ, મેગ્નસ કોમ્પલેક્ષ, અલ્થાણ ભીમરાડ કેનલ રોડ, અલ્થાણ સુરત ... સવિનય જાણ સારું

OFFICE OF THE DISTRICT ELECTION OF[illegible]
& COLLECTOR-BOTAD
Jilla SevaSadan, Khas road, Botad-364710
Telephone No. : 02849-271313, 271314 Email : dydeo-collector-botad@gujarat.gov.in d.deobotad@gmail.com
Follow us on : 31_deobotad 31_deobotad 31_deobotad

**નકલ રવાના:**

(૦૧) કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ............................ (તમામ) ... જાણ સારું

(૦૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી ............................ (તમામ) ... જાણ સારું

(૦૩) મ્યુનિસીપલ કમીશ્નરશ્રી ............................ (તમામ) ... જાણ સારું

(૦૪) રીઝીયોનલ મ્યુનિસીપલ કમીશ્નરશ્રી ............................ (તમામ) ... જાણ સારું